# કલોલ (નાકા) ગામમાં એક પણ શૌચાલય જ નથી...!

## ગ્રામજનો વર્ષોથી ખુલ્લા ખેતરમાં શૌચક્રીયા કરે છે

લક્ષ્મીપુરા, તા.૨૬

ખેડબ્રહ્મા તાલુકાના કલોલ(નાકા) ગામે વર્ષોથી કોઈ ગ્રામજનોના ઘરે શૌચાલયની વ્યવસ્થા ન હોવાથી ગ્રામજનોને ખુલ્લા ખેતરોમાં શોચક્રીયા માટે જવું પડે છે.ત્યારે વિકાસશીલ ગુજરાતમાં શૌચાલય બાથરૂમ વિહોણા ગામની કલ્પના ભારે દુઃખદાયક છે. સ્થાનિક સરકારી તંત્રના અધિકારીઓ કયારે આ ગામની તરફ નજર રાખે તેવું ગ્રામજનો ઈચ્છી રહ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરાથી અંદાજે ૩ કી.મી. અંતરે અંતરીયાળ વિસ્તારમાં બક્ષીપંચની વસ્તી ધરાવતું કલોલ (નાકા) ગામ આવેલુ છે. આ ગામમાં મોટે ભાગે ગ્રામજનો ખેતી કરી પોતાનું ગુજરાન ચલાવે છે. આ આખા ગામમાં એક પણ મકાનમાં વર્ષોથી શૌચાલય નથી. પરિણામે ના છૂટકે ગ્રામજનોએ શૌચક્રીયા માટે ખુલ્લા ખેતરમાં જવાની ફરજ પડે છે. કલોલ પંચાયતના સરપંચ અને તલાટી વર્ષોથી આંખ આડા કાન કરી આ બાબત જાણતા હોવા છતાં મૌન કેમ સેવી રહ્યા છે? તે પ્રશ્ન ગ્રામજનોને સતાવી રહ્યો છે. સ્વચ્છતા અભિયાનના સોહામણા નામથી સફાઈ ઝુંબેશ ચલાવનાર અધિકારીઓને કલોલ ગામની આ સમસ્યા દેખાતી જ નથી? ગરવી ગુજરાતમાં શૌચાલય બાથરૂમ વિહોણા ગામની કલ્પના દુઃખદાયક છે. વર્ષોની આ સમસ્યા મામલે સ્થાનિક સરકારી તંત્ર કોઈ વ્યવસ્થા ઉભી કરી સત્વરે કાયમી શૌચાલય બનાવી આપે તેવું ગ્રામજનો ઈચ્છી રહ્યા છે.



(તસવીર : વિઠ્ઠલભાઈ સુથાર)

## કતપુર પાસે ચાલુ કારમાં આગ ભભુકી ઉઠી

પ્રાંતિજ, તા. ૨૬

પ્રાંતિજ નજીક ટોલટેક્ષ પાસે ચાલુ કારે અચાનક જ આગ ભભુકી ઉઠતા ભારે દોડધામ થવા પામી હતી. જો કે આ ઘટનામાં સદનસીબે કોઈ જાનહાની થવા પામી નથી. પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ કતપુર પાટીયા પાસે હિંમતનગર તરફથી અમદાવાદ ઈકો કાર નં. જીજે-૯-બીએ-૬૨૫૧ પસાર થઈ રહી હતી ત્યારે અચાનક જ કારમાં અગમ્ય કારણોસર આગ ભભુકી ઉઠી હતી. આથી ચાલકે કારને અટકાવી તુરંત કારમાં સવાર મુસાફરોને નીચે ઉતારી દીધા હતા. જો કે કારચાલકની જાગૃતિથી મોટી જાનહાની થતા ટળી હતી.

# નવી ભરતી માટે નિયમો ઘડવાની પ્રક્રિયા આરંભાઈ

ગાંધીનગર, તા. ૨૬

રાજ્ય સરકારના તમામ વિભાગોમાં વિવિધ સંવર્ગોની ભરતી માટે નવા ભરતી નિયમો ઘડવા માટેની પ્રક્રિયાઓ તેજ ગતીએ ચાલી રહી છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્ય સરકારના વિવિધ વિભાગો અને તેના તાબા હેઠળની કચેરીઓમાં વિવિધ સંવર્ગની જગ્યાઓ મોટા પ્રમાણમાં ખાલી છે. આ ખાલી જગ્યાઓને કારણે વહીવટીય કામગીરી પર વિપરીત અસર પડી રહી છે.

વિવિધ વિભાગોમાં ખાલી પડેલી વિવિધ સંવર્ગની જગ્યાઓ ભરવા માટે રાજ્ય સરકાર દ્વારા આગામી દસ વર્ષ દરમ્યાન મોટાપાયા પર ભરતી કરવાનો નિર્ણય કર્યો છે અને આ માટે વિભાગોને ૧૦ વર્ષ માટેનું ભરતી કેલેન્ડર તૈયાર કરવા માટેની સૂચનાઓ આપવામાં આવી છે. સરકારની આ સૂચનાઓને પગલે વિભાગો દ્વારા વિવિધ સંવર્ગની કેટલી જગ્યાઓ ખાલી છે, આગામી દિવસોમાં બીજી કેટલી જગ્યાઓ ખાલી પડશે, કેટલી જગ્યાઓ ક્યારે ભરવી તે અંગેનું ભરતી કેલેન્ડર વિભાગો દ્વારા તૈયાર કરવામાં આવી રહ્યું છે.

આ ઉપરાંત સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આગામી દિવસોમાં વિવિધ સંવર્ગ માટે કરવામાં આવનાર ભરતી માટે વિભાગો દ્વારા નવા ભરતી નિયમો ઘડવા માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. વિભાગો દ્વારા વિવિધ સંવર્ગ માટેના ભરતી નિયમો ઘડીને મંજુરી અર્થે સામાન્ય વહિવટ વિભાગને મોકલી આપવામાં આવશે અને આ વિભાગની મંજુરી મળ્યા બાદ અને ભરતી નિયમો આખરી કર્યા બાદ વિવિધ વિભાગો દ્વારા વિવિધ સંવર્ગની ભરતી પ્રક્રિયા શરૂ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

રાજ્ય સરકારના તમામ વિભાગો અને તેમના તાબા હેઠળની કચેરીઓમાં ખાલી જગ્યાઓ ભરવા માટે આગામી ૧૦ વર્ષ દરમ્યાન ભરતી કરવા માટે ભરતી કેલેન્ડર તૈયાર કરવામાં આવ્યા છે અને તે અંતર્ગત ભરતીઓ કરવામાં આવનાર હોવાનું જાણવા મળશે.




મહારાષ્ટ્રના ભંડારા શહેરમાં આયોજીત ટાંગ લી મુડો રમતની પાંચમી સિનીયર નેશનલ સ્પર્ધામાં ગુજરાત રાજ્યની ટીમે ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરી ૯ મેડલ પ્રાપ્ત કર્યા છે. ગુજરાતનું પ્રતિનિધિત્વ આનંદ કાપડીયાએ કર્યું હતું. ગૌરવ શર્મા (ગોલ્ડ), મનન ચોધરી (સિલ્વર), વિશ્વ જાની (સિલ્વર), હર્ષ પટેલ (સિલ્વર), હિતરાજ જેઠવા (સિલ્વર), અરકાન કાજી (બ્રોન્ઝ), વિનય પટેલ (બ્રોન્ઝ), દિપ સોની (બ્રોન્ઝ), ધ્રુવ સોની (બ્રોન્ઝ), મહેબૂબ પઠાન (મેનેજર).

## સોલ્ટ ઓફ ધ અર્થ પુસ્તકનું વિમોચન

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે ગુજરાત ગુડ ગવર્નન્સ-સુશાસન, પ્રો-પિપલ, પ્રો-એક્ટિવ ભૂમિકા અને સાતત્યપૂર્ણ ગતિશીલ વિકાસથી વિશ્વભરના ઉદ્યોગો-રોકાણકારોનું શ્રેષ્ઠ પસંદગી સ્થળ બન્યું છે તેવો સ્પષ્ટ મત વ્યક્ત કર્યો હતો. ઉદ્યોગોને અનુરુપ માનવ સંશાધન, સુદ્રઢ શ્રમ સંબંધો, વીજળી-પાણી, ઈન્ટરનેટ સવલતો અને સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજીયન્સની ગુજરાતની અનેક પહેલરુપ સિદ્ધિઓથી ઈન ઈન્ડિયાની પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સંકલ્પના આપણે પાર પાડવા પ્રતિબદ્ધ છીએ. આનંદીબેન પટેલે તાતા કેમિકલ્સની સ્થાપનાના ૭૫ વર્ષની ઉજવણી અવસરે સોલ્ટ ઓફ દ અર્થ પુસ્તકનું વિમોચન તાતા જૂથના ચેરમેન સાયરસ મિસ્ત્રી અને કૃષિ સહકારમંત્રીની ઉપસ્થિતિમાં કર્યું હતું.

## ભીલડી ત્યક્તા યુવતીએ ભરણપોષણ માટે દાવો કર્યો

ડીસા તાલુકાના ભીલડી ગામે રેલવે કોલોની પાસે આવેલા શાંતિનગરની યુવતિ સત્યવતીબેન બાબુલાલ સુખરામભાઈ વર્માના લગ્ન ડીસા રેલવે સ્ટેશન વિશ્વકર્મા સોસાયટીમાં રહેતા નરસિંહ કુંદનલાલ લોધા સાથે બે વર્ષ પહેલા સમાજના રીત-રીવાજ મુજબ થયા હતા. લગ્ન વખતે સોના-ચાંદીના દાગીના, કપડા-લત્તા વગેરે દહેજ પેટે આપવામાં આવ્યા હતા. એક વર્ષ પછી પતિ નરસિંહ લોધાએ મારે બાઈક લાવવુ છે તારી માતાને ત્યાંથી પચાસ હજાર લેતી આવ અને માર મારતા જણાવ્યું કે તુ મને પસંદ નથી તારા બાપના ઘરે જતી રહે, જ્યારે સાસુએ પણ કહ્યું કે આને કાઢી મુક નવી પરણીને લાવીશુ. સત્યવતીબેન લોધા પોતાનો સંસાર ન બગડે તે માટે સાસરીયામાં જ રહેતી હતી. દોઢ વર્ષ અગાઉ પચાસ હજારની માંગણી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી કાઢી મુકી હતી. સત્યવતીબેને ભરણ-પોષણ માટે સાત હજાર માસીક મેળવવા ડીસા કોર્ટમાં અપીલ દાખલ કરી છે.

# અમીરગઢ ચેક પોસ્ટ પાસેથી વિદેશી દારૂ ભરેલી ટ્રક ઝડપાઈ : બેની ધરપકડ

પાલનપુર, તા.૨૬

ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં વિદેશી દારૂ પીનારાઓ માટે અન્ય રાજયોમાંથી પુષ્કળ માત્રામાં ગેરકાયદેસર રીતે દારૂ દરરોજ ઘુસાડાય છે. આજે બનાસકાંઠાની અમીરગઢ પોલીસે સરહદી ચેકપોસ્ટ પર રાજસ્થાનમાંથી ગુજરાતમાં પ્રવેશ કરતી દારુ ભરેલી ટ્રકને ઝડપી પાડી હતી. બનાસકાંઠા જિલ્લામાં અન્ય રાજયોમાંથી રાજયમાં વિદેશી દારૂ સહિત અન્ય ગેરકાયદેસર ચીજવસ્તુઓની ઘૂસણખોરી ડામવા માટે જિલ્લા પોલીસ વડાની સુચનાથી પોલીસ ટીમે અલગ અલગ તમામ ચેકપોસ્ટ પર સઘન વાહન ચેકીંગ કર્યું હતું. દરમિયાન આજે સાંજે અમીરગઢ પોલીસ ચેકપોસ્ટ પાસે રાજસ્થાન તરફથી પુરપાટ ઝડપે દોડી આવતી ટ્રક નં. આર.જે. ૧૯, જીએ ૪૪૮૭ પર શંકા જતા તેને અટકાવી હતી બાદમાં તેની તલાશી લેતા જુવારની બોરીમાં છુપાવેલ દારૂની ૯૪૦ પેટી ઝડપી પાડી હતી પોલીસે રૂ. ૩૩,૧૨,૦૦૦નો દારૂનો જથ્થો અને રૂ. ૧૦ લાખની ટ્રક મળી કુલ રૂ. ૪૩,૧૨,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો અને ટ્રક ચાલક બુધારામ બિશ્નોઈ અને રામનારાયણ બિશ્નોઈ (બંને રહે રાજસ્થાન) વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



## ધર્મપ્રચારક ગોવિંદજી મહારાજના આકસ્મિક અવસાનથી સંપ્રદાયના અનુઆયીઓ શોકમગ્ન

અત્યારના યુગમાં સાચા સંત મહાત્માઓ શોધવા મુશ્કેલ છે, ત્યારે માહેમાયાની દુનિયાથી અળગા અને પ્રણામી સંપ્રદાયના સાદગીસભર અને જાણકાર સંત ગોવિંદજી મહારાજનું અચાનક મૃત્યુ નિપજતાં પ્રણામી સંપ્રદાયના દેશ-વિદેશમાં રહેતા ભક્તો આઘાતમાં સરી પડ્યાં.

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના વાંદિયોલ ગામના ગોવિંદજી મહારાજ નાનપણથી માયાનો ત્યાગ કરી પ્રણામી સંપ્રદાય અપનાવી પોતાની કોઠાસૂજ અને જ્ઞાનથી ભક્તોના હૃદયમાં સ્થાન જમાવ્યું હતું. પરંતુ ગોવિંદજી મહારાજને ટૂંકી માંદગી બાદ વડોદરાની હોસ્પિટલમાં દેહ ત્યાગ કરી દીધો હતો. જેની જાણ દેશ-વિદેશમાં રહેતા અનુઆયીઓને જાણ થતાં વડોદરા, દાહોદ, ધોરાજીના ભક્તો હજારોની સંખ્યામાં હોસ્પિટલ તેમજ વડોદરા પ્રણામી સંપ્રદાયના આશ્રમ ખાતે દેહ દર્શન કરવા ઉતરી આવ્યાં હતા. વડોદરાથી મહારાજના દેહને પોતાના માદરે વતન લાવવાની જાણ થતાં માર્ગો પર શબવાહિનીમાં આવી રહેલા દેહનો દર્શન કરવા માટે રાત્રે ૧૦ વાગે જાહેરમાર્ગો ઉપર ભક્તોની કતારબંધ લાઈનો લાગી ગઈ હતી.

## દૂધ દિવસની ઉજવણી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રાહતનું વિતરણ કર્યું હતું.

ગુજરાતમાં હરિયાળી ક્રાંતિના મહાસર્જક એવા ડૉ. વર્ગીસ કુરિયનની જન્મજયંતિ મધુર ડેરી દ્વારા વિશિષ્ઠ રીતે ઉજવાઈ હતી. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ઉમટી પડેલા મહિલા દૂધ ઉત્પાદકોને કૃષિ અને પશુપાલન મંત્રી બાબુભાઈ બોખીરીયાના હસ્તે રાજય સરકારની યોજનાઓના લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મહિલા દૂધ મંડળીઓની સ્થાપના, દૂધ ઘરની યોજના, ચાફ કટર, એએમસી, બીએમસી જેવા પ્રાયોગિક લાભો પશુપાલકોને કેવી રીતે મળી શકે તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કેબીનેટ મંત્રી બાબુભાઈ બોખીરીયા ઉપરાંત ગાંધીનગરના ધારાસભ્યો શંભુજી ઠાકોર અને અશોકભાઈ પટેલ તેમજ મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણા ઉપસ્થિત રહ્યાં હતાં.

અત્રે ઉલ્લેખનીય છે કે મધુર ડેરી છેલ્લા ૪૫ વર્ષથી ગાંધીનગરમાં ખાનગી દૂધ ઉત્પાદકો સામેની ગળાકાપ સ્પર્ધામાં પણ કાર્યરત રહી ડૉ. વર્ગીસ કુરિયનના આદર્શો એ કાર્યને જીવંત રાખવાની સાથે સાથે દૂધની ખરીદીથી લઈ તેનું જુદું જુદું પ્રોસેસીંગ વર્ક કરી દૂધ, દહીં, છાશ, પનીર, આઈસક્રીમ અને મિઠાઈ વગેરેના ઉત્પાદનમાં અગ્રેસર છે. રાજયના મુખ્યમંત્રી આનંદીબહેન પટેલના મહિલા સશકિતકરણના અભિયાનને ચરિતાર્થ કરતાં મધુર ડેરી પ્રશિક્ષણ અને મહિલા જાગૃતિના ધ્યેયને પરિપૂર્ણ કરવા માટે જિલ્લામાં વિશાળ પાયે પ્રયત્નશીલ છે.

# અરવલ્લી જિલ્લાની માહિતી કચેરીમાં પત્રકારો સાથે સંકલનનો અભાવ

મોડાસા, તા.૨૬

અરવલ્લી જિલ્લાના માહિતી કચેરી દ્વારા વ્હાલા દવલાની નીતિ કે પછી સંકલનનો અભાવ એ હજુ સુધી સમજાઈ શકયું નથી. અરવલ્લી સાથે સંકલનનો તદન અભાવ જોવા મળે છે જેના લીધે અમુક પત્રકારોને સરકારી કાર્યક્રમના નિમંત્રણ મળતા જ નથી જેના લીધે પત્રકાર મિત્રોમાં નારાજગી જોવા મળે છે. પત્રકારોને ફોન અને ઈમેલ કરવામાં આવે છે જયારે બીજા પત્રકારો આગળ માહિતી ખાતા દ્વારા કોમ્પ્યુટરના જ્ઞાનનો અભાવ બતાવવામાં આવે છે. જયારે અન્ય પત્રકારોના જણાવ્યા મુજબ




(તસવીર : જય અમીન, મોડાસા)

જિલ્લા કલેકટર માહિતી કચેરીની કામગીરીની સમીક્ષા કરે તે ખુબ જ જરુરી છે. દર માસે હજારો રૂપિયાનો ધુમાડો કરવા છતાં પત્રકારો અને કચેરીના ઉપયોગીતા બાબતે અનેક પ્રશ્નો ઉપસ્થિતછે.

અરવલ્લી જિલ્લો થયાને ૧૨ મહિના થયા છતાં સરકારી તંત્રનું મહત્વનું અંગ ગણાતી અરવલ્લી માહિતી ખાતાની કચેરીમાં પત્રકારો

અરવલ્લી જિલ્લાને એક વર્ષ થયાને હજુ બહુ સમય થયો પણ નથી ત્યારે થોડાક જ મહિના પહેલા માહિતી કચેરી અસ્તિત્વમાં આવી છે. આ કચેરીમાં ૨ મહિલા કર્મચારીઓ ફરજ બજાવે છે. તેમના સહિત લગભગ ૪નો સ્ટાફ હોવા છતાં સરકારી માહિતી નિમંત્રણો પત્રકારો સુધી પહોંચાડવામાં ભારે બેદરકારી દાખવવામાં આવે છે. અમુક માહિતી વિભાગના ખાસ ગણાતા ફોન તો કરીને જાણકારી આપી શકાયને પરંતુ તેમાં પણ આળસ દાખવવામાં આવે છે જેના લીધે રાજય સરકાર કે અરવલ્લી કલેકટર બી.જે. ભટ્ટની મહત્વની કામગીરી પ્રજા સુધી પહોંચતી નથી તેથી પ્રજાને યોગ્ય માર્ગદર્શન મળતું નથી. તેથી આ બાબતે જિલ્લા કલેકટર માહિતી ખાતાના કર્મચારીઓ સામે સખ્ત પગલાં લઈને યોગ્ય કાર્યવાહી કરે તેવી પત્રકાર મિત્રોની માંગ છે.

## શબ્દાવલી - ૫૫૭૨

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ■ | ૩ | ૪ | ૫ |
| | ■ | | ■ | ૬ | | | |
| ૭ | | | | | ■ | | ■ |
| | ■ | | ■ | ૮ | ૯ | ■ | ૧૦ |
| ■ | ૧૧ | ■ | ૧૨ | | | ૧૩ | |
| ૧૪ | | | | ■ | ૧૫ | | ■ |
| ૧૬ | | ■ | ૧૭ | ૧૮ | ■ | ૧૯ | ૨૦ |
| ૨૧ | | ■ | ૨૨ | | | ■ | |

### આડી ચાવી

૧. ના પાડવી તે, ... કરવો (૪)
૩. સમય, ટાઇમ (૩)
૬. અધુરુ હોવું તે (૪)
૭. લાલુપ્રસાદ યાદવની પત્ની (૫)
૮. અવાજ (૨)
૧૨. ખખડાવ્યું, ડારવું (૫)
૧૪. મુદત, ચુકવણું કરવા અપાતી થોડા સમયની છુટ (૪)
૧૫. પ્રેમ, લવ (૨)
૧૬. શ્રવણેન્દ્રીય (૨)
૧૭. પાંચમે ખવાતું એક ધાન્ય (૨)
૧૯. સતોગુણ, ... ગુણ, તમોગુણ (૨)
૨૧. વિચાર, મંતવ્ય (૨)
૨૨. ટોકણી કરવી તે

### ઊભી ચાવી

૧. સંમતિ, કબુલાત (૪)
૨. કાપડ વેચનારો (૪)
૩. વધારે, ઘણું (૨)
૪. પાન પાકીને પડી જાય તેને પાનનું... કહેવાય (૩)
૫. તપસ્યા (૨)
૬. સતત, અટક્યા વગર (૪)
૯. મોટાપણું (૩)
૧૦. તાજુ, જૂનું ના હોય તેવું (૨)
૧૧. શ્રમ (૪)
૧૨. આતુરતા, તરફડાટ (૪)
૧૩. ખંજવાળ, ચળ (૩)
૧૪. મુકામ, રહેઠાણ (૩)
૧૮. તક (૨)
૨૦. જુસ્સો (૨)

### શબ્દાવલી ૫૫૭૧ના જવાબ

**આડી ચાવી :-** (૧) શણગાર (૫) વીતરાગ (૬) માણેકચંદ (૮) ચપળતા (૧૦) કુંપળ (૧૨) લીખ (૧૪) માદકતા (૧૫) કોમન (૧૬) માનવા (૧૭) નભ (૧૮) મદ્રાર

**ઊભી ચાવી :-** (૧) શરમાળ (૨) ગાયક (૩) લાત (૪) અંગત (૫) વીદપ (૭) ચંચળતા (૯) તાલીમ (૧૦) કુંદન (૧૧) પકવાન (૧૩) ખનકાર (૧૪) મામાટ (૧૫) કોકમ

## કાર્યયોજના

● અનુસંધાન પહેલાનું ચાલુ

તો તાત્કાલિકા મોકલી આપવા સંબંધિત અધિકારીશ્રીઓને અનુરોધ કર્યો હતો. તેમજ શહેરી વિસ્તારમાં વર્ષ-૨૦૧૫ સુધીમાં શૌચાલયનું કામ પૂર્ણ થાય તેવું સુચારું આયોજન કરવા પણ જણાવ્યું હતું. ગાંધીનગર શહેરને પ્લાસ્ટિક મુક્ત નગર બનાવવા માટે ૪૦ માઈક્રોનથી ઉપરની પ્લાસ્ટિક બેગ વપરાય તેની ખાસ તકેદારી રાખવાનું પણ કહ્યું હતું.

આ બેઠકમાં જિલ્લા કલેકટર શ્રી રવિશંકરે ગાંધીનગર શહેરમાં મુખ્ય માર્ગો અને સેકટરોમાં થઈ ગયેલા દબાણો ખૂબ જ ઝડપથી દૂર કરવા સંબંધિત અધિકારીશ્રીઓને સૂચના આપી હતી. તારના ફેન્સીંગને દૂર કરીને દબાણ કરનાર અને ગાયો - ભેંસોનો તબેલો સેકટરોમાં બનાવી દેનાર સામે કડક હાથે પગલા લઈ તેમની સામે પાસા સુધીની કાર્યવાહી કરવાની પણ સૂચના આપી હતી. તે ઉપરાંત કન્સ્ટ્રકશન સાઈડ પર લેબરોને રહેવાની અને અન્ય જાહેરનામા મુજબની પ્રાથમિક સુવિધા ઉપલબ્ધ ન કરનાર કોન્ટ્રાકટરો સામે કડક હાથે પગલા લેવા પણ સંબંધિત અધિકારીશ્રીને જણાવ્યું હતું.

કલેકટરશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, જે સંસ્થા, શાળા કે વેપારી પોતાની આસપાસની ખુલ્લી જગ્યાની સફાઈ કરીને ત્યાં આગળ વૃક્ષો કે લોન વાવેતરની તૈયાર બતાવે તો તેમને સમંતિ આપવી અને તે જગ્યાએ પોતાની ફર્મના નામનું હોર્ડિંગ્સ પણ લગાવી શકશે. તેમજ સેકટર-૨૧ ડિસ્ટ્રીકટ શોપીંગ સેન્ટરમાં આવેલ ફુવારો કે જે બંધ હાલતમાં છે, તે ચાલુ ન થઈ શકે તો તેને દૂર કરી નાખવા પણ સંબંધિત અધિકારીને સૂચન કર્યું હતું. ગાંધીનગરના માર્ગોને ડસ્ટ ફ્રી બનાવવા માટે આસપાસની ખુલ્લી જગ્યામાં લોન કે નાના ફૂલના છોડ કે વેલનું વાવેતર થાય તેનું સુચારું આયોજન કરવા જિલ્લા વનસંરક્ષક અધિકારીશ્રીને જણાવ્યું હતું. તેમજ ગાંધીનગરની જી.આઈ.ડી.સીમાં પણ સ્વચ્છતા રહે તેનું સુવ્યવસ્થિત આયોજન કરી અમલીકરણ કરવા પણ સંબંધિત અધિકારીશ્રીને ભારપૂર્વક જણાવ્યું હતું. તેમજ ગાંધીનગર જિલ્લા કક્ષાની કચેરીઓમાં ફરજ બજાવતા વર્ગ-૧ અને ૨ના અધિકારીશ્રીઓને એક - એક ગામ સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત દત્તક લેવા અનુરોધ કર્યો હતો. ગામ દત્તક લઈ કેવી રીતે કામગીરી કરવાની તેની વિસ્તૃત વાત કરી હતી.

મ્યુનિસિપલ કમિશનર શ્રી જી.આર. ચૌધરીએ જણાવ્યું હતું કે, ખૂબ જ ટુંક સમયમાં નગરજનોને પ્લાસ્ટિક અને અન્ય કચરો અલગ અલગ નાખવા લાલ અને લીલું ડસ્ટબીન આપવામાં આવશે. છેલ્લા અઢી માસમાં ડોર ટુ ડોર કચરો એકઠો કરવાની ઝુંબેશથી શહેરમાંથી ૫૦ મેટ્રિક ટન કચરો આવ્યો છે. તેમજ નગરમાં ખુલ્લામાં શૌચક્રિયા માટે બહાર જતા લોકો માટે મહાનગરપાલિકા દ્વારા સંચાલન માટે લીધેલ શૌચાલયમાં ખૂબ જ નજીવા દરથી શૌચક્રિયાની સુવિધા આપવાનો આરંભ કરવામાં આવ્યો છે. આ બેઠકમાં નિવાસી અધિક કલેકટર શ્રી એમ.ડી.મોડિયા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી જયશ્રીબેન દેવાંગણ સહિત અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહયાં હતાં.

## તંત્રનો આખરી જંગ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લામાં હાલ ૨૧૦૦ જેટલા અતિકુપોષિત બાળકો છે તેમજ કુપોષણ મુક્તિ માટે ગતિશીલ ગુજરાતમાં પણ એક લક્ષ્યાંક નિયત કરવામાં આવેલ છે. બાળકો કુપોષણમાંથી મુક્તિ માટેના જિલ્લામાં ચાલતા અભિયાનની સમીક્ષા માટે અન્ય રાજ્યોની ટીમ પણ જિલ્લાના પ્રવાસે આવી હતી અને તેની સરાહના કરેલ છે તે નોંધનીય છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ધન્વંતરી પ્રોજેકટ જિલામાં પ્રથમ ત્રણ માસ માટે દહેગામ ઘટક-૨ (૧૦૦ આંગણવાડી કેન્દ્રો)માં શરૂ કરવામાં આવેલ હતો. આ ધન્વંતરી પ્રોજેક્ટમાં ૭ માસથી ૩ વર્ષ અને ૩ વર્ષથી ૬ વર્ષના ઓછા વજનવાળા અને અતિઓછાવજનવાળા મળી કુલ-૨૨૧૯ બાળકોને આવરી લેવાયા હતા. તે પૈકી ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા કુલ ૧૭૫૯ બાળકોને આપેલ લાભથી દહેગામ ઘટકમાં ઉક્ત પ્રોજેક્ટથી અતિ ઓછા વજનવાળા બાળકોમાં ૧૧ ટકા તથા ઓછા વજનવાળા બાળકોમાં ૪૮ ટકા જેટલો ઘટાડો તથા સામાન્ય બાળકોમાં ૫૯ ટકાનો વધારો જોવા મળેલ છે. સદર પ્રોજેકટ અન્વયે અંકે રૂપિયા ૨,૫૦,૦૦૦નો ખર્ચ થવા પામેલ હતો.

આમ, આ ધન્વંતરી પ્રોજેક્ટ જો અન્ય પાંચ ઘટકમાં શરૂ કરવામાં આવે તો જિલ્લામાં અતિ ઓછા વજનવાળા અને ઓછા વજનવાળા બાળકોમાં ખુબ જ ઘટાડો કરી શકાય તેમ છે. તેમજ જિલ્લા પંચાયત સ્વભંડોળમાં રૂ. ૧૦,૦૦,૦૦૦ની જોગવાઈ કરેલ છે. તથા જો સદર પ્રોજેક્ટની અમલવારી તમામ ઘટકમાં કરવામાં આવે તો અંદાજીત રૂ. ૧૫,૦૦,૦૦૦નો ખર્ચ થઈ શકે છે.

## કોળી સમાજને...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અને મુખ્યમંત્રીને મળીને આવેદનપત્ર આપીને રજુઆત કરી સમાજની લાગણી વ્યકત કરવામાં આવશે. રજુઆત બાદ આગામી દિવસોમાં હકારાત્મક ઉકેલ નહી આવે તો ભાવી રણનીતી ઘડવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

અત્ર ઉલ્લેખનીય છે કે તાજેતરમાં જ રાજયમંત્રી મંડળનું વિસ્તરણ કરીને પુરુષોત્તમ સોલંકીનો રાજયમંત્રી તરીકે સમાવેશ કરવામાં આવ્યા પછી તેને પશુપાલન જેવું ખાતું ફાળવવામાં આવતાં નારાજગી ઉઠવા પામી હતી. અને તેમના ભાઈ ધારાસભ્ય હિરાભાઈ સોલંકીએ સમાજને પુરતું પ્રતિનિધિત્વ આપવાની માંગણી સાથે એક સંમેલન પણ યોજયું હતું.

ટચૂકડી જાહેર ખબર

MNC Expanding in Gujarat
Dynamic people invited for Business Opportunity
Call : 98240 97870

ડુપ્લેક્ષ વેચવાનું છે
પેથાપુર ચાર રસ્તાથી ગાંધીનગર મેઈન હાઈવેથી ૭૦ મીટરના અંતરે, ફુલ ફર્નિચર સાથે વેચવાનું છે.
મો. : ૯૭૧૪૧ ૦૯૧૦૮